ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ રસક/૧૨૨૦૧૮/૪૦૦૯૯/ર.
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૨/૨૦૧૮ 08 FEB 2018

સંદર્ભઃ- (૧) ગુજરાત જાહેર સેવા આયોગનો તા. ૧૧/૦૧/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ- ક્ષમત-૨૦૧૨-૧૪૮૭-ઇ

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા. ૧/૮/૨૦૧૪, તા. ૨૫/૨/૨૦૧૫, તા. ૩૧/૩/૨૦૧૬ તથા તા. ૨૮/૨/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ- રસક/ ૧૦૨૦૧૩/૬૧૪૩૨૦/આર.

## ઠરાવ

સામાન્ય વહીવટ વિભાગના આમુખમાં ક્રમ(૨) સમે જણાવેલ તા. ૦૧/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ- રસક/૧૦૨૦૧૩/૬૧૪૩૨૦/આર થી ગુજરાત જાહેર સેવા આયોગના મહેકમ પરની જુદી જુદી ૩૯ નવી જગ્યાઓ પ્રથમ તબક્કે તા. ૨૮/૦૨/૨૦૧૫ સુધી અને ત્યારબાદ છેલ્લે તા. ૨૮/૨/૨૦૧૭ના ઠરાવથી ૩૬ જગ્યાઓ તા. ૨૮/૦૨/૨૦૧૮ સુધી લંબાવવાની મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ ગુજરાત જાહેર સેવા આયોગની સંદર્ભ(૧) દ્વારા ઉલ્લેખેલ મંજૂર થયેલ જુદી જુદી નવી જગ્યાઓનું મહેકમ તા. ૨૮/૦૨/૨૦૧૯ સુધી લંબાવવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. ગુજરાત જાહેર સેવા આયોગની ઉક્ત દરખાસ્તને આ વિભાગની તા. ૦૧/૦૮/૨૦૧૪ના ઉપર ઉલ્લેખેલ ઠરાવના ફકરા-૨ માં દર્શાવેલ શરતો તથા નીચે જણાવેલ શરતોને આધીન મંજૂર થયેલ નીચે જણાવેલ જુદી જુદી જગ્યાઓનું મહેકમ તા. ૨૮/૦૨/૨૦૧૯ સુધી લંબાવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગનું નામ | સંખ્યા | પગાર લેવલ |
|---|---|---|---|
| ૧. | સંયુક્ત સચિવ(વર્ગ-૧) | 03 | લેવલ ૧૨, ૭૮,૮૦૦- ૨,૦૯,૨૦૦ |
| ૨. | નાયબ સચિવ(વર્ગ-૧) | 0૫ | લેવલ ૧૦, ૫૬,૧૦૦- ૧,૭૭,૫૦૦ |
| ૩. | સેકશન અધિકારી(વર્ગ-૨) | 0૬ | લેવલ ૮, ૪૪,૯૦૦- ૧,૪૨,૪૦૦ |
| ૪. | નાયબ સેકશન અધિકારી (વર્ગ-૩) | ૧૪ | લેવલ ૭, ૩૯,૯૦૦- ૧,૨૬,૬૦૦ |
| ૫. | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩(વર્ગ-૩) | 0૪ | લેવલ ૪, ૨૫,૫૦૦- ૮૧,૧૦૦ |
| ૬. | અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩(વર્ગ-૩) | 0૪ | લેવલ ૪, ૨૫,૫૦૦- ૮૧,૧૦૦ |
| | કુલઃ- | ૩૬ | |

(૧) ત્રણ વર્ષથી વધુ સમય સુધીની ખાલી રહેતી જગ્યા રદ કરવાપાત્ર બનશે.

(૨) એક વર્ષથી વધુ સમયથી ખાલી જગ્યા એબેયન્સમાં મુકવાની રહેશે.

Scanned by CamScanner

(૩) એબેયન્સમાં મુકાયેલ જગ્યા નાણા વિભાગ(કરકસર)ની મંજૂરી વિના ભરી શકાશે નહિ.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ-૩૨ ના મુખ્ય સદર ૨૦૫૧- જાહેર સેવા આયોગ, ગૌણ સદર ૧૦૨- રાજ્ય જાહેર સેવા આયોગ, પેટા સદરઃ૦૧-ગુજરાત જાહેર સેવા આયોગ (આયોજન બહાર-બીન મતપાત્ર) ખાતે ઉધારવાનો રહેશે, અને તે વર્ષ ૨૦૧૮-૧૯ ના બજેટમાં મંજૂર થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રીની તા. ૫/૨/ ૨૦૧૮ની નોંધ અન્વયે મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.કે.જોષી)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાનાઃ-
-માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
-માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની કચેરીની બાજુમાં, સેક્ટર ૧૦ એ, છ રોડ,ગાંધીનગર
-નાણા સલાહકારશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-મહાલેખાકાર(એ એન્ડ ઇ ), અમદાવાદ/ રાજકોટ.
-પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
-મુકામી તપાસણી અધિકારી, ગાંધીનગર.
-સામાન્ય વહીવટ વિભાગ/ લ શાખા
-સિલેક્ટ ફાઇલ

Scanned by CamScanner